# ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ અને મુકુલ માધવ ફાઉન્ડેશને પ્રભાવી વોટર પ્રોજેક્ટ્સ અને વૃક્ષારોપણ પહેલો દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી

પુણે, ભારત.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ફિનોલેક્સ પાઇપ્સ અને તેના સીએસઆર પાર્ટનર મુકુલ માધવ ફાઉન્ડેશન (એમએમએફ)એ ચોમાસા પહેલાં મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતમાં સક્રિયપણે અનેક જળ પ્રોજેક્ટ્સ અને વૃક્ષારોપણ ઝુંબેશ શરૂ કરવાની સર્વગ્રાહી જાહેરાત કરી છે. આ પહેલોનો ઉદ્દેશ્ય સમુદાયોને મહત્વપૂર્ણ સંસાધનો પ્રદાન કરીને સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો તથા પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપવાનો છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એમએમએફે અનેક પહેલો કરી છે તથા ક્રમશઃ પરિવર્તનને આગળ વધારવા માટે વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે. મહારાષ્ટ્રમાં અને આસપાસમાં અંદાજે ૧૨,૦૦૦થી વધુ લોકોને જળ સંરક્ષણ પ્રોજેક્ટ્સથી ટેકો મળ્યો છે તથા સિમેન્ટ નાળા બંધને પુનઃસ્થાપિત કરવા અને નિર્માણ કરવા, પાણીના પંપ ગોઠવવા, ઉપલબ્ધતા માટે પાઇપલાઇન નાખવી તથા વરસાદી પાણીના સંગ્રહ અને નદીના કાયાકલ્પ અને પાણીના સ્રોતોની સફાઈ જેવી પહેલો કરી છે.